# PRESTO

## PRESTOનો કેવી રીતે ઉપયોગ

PRESTO ગ્રેટર ટોરોન્ટો અને હૅમોલ્ટન એરિયા (GTHA) તથા ઓટ્ટાવા ખાતેની ટ્રાન્ઝિટ એજન્સીઓ પર વપરાતી ઇલેક્ટ્રોનિક પેમેંટ સિસ્ટમ એટલેકે ચૂકવણી કરવાની પ્રણાલિ છે. PRESTO એવી સ્માર્ટકાર્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે જેથી સવારીઓ સંભવ હોય એટલી સર્વાધિક સુવિધાજનક રીતે ભાડાની ચૂકવણી કરી શકે.

### 1. કાર્ડ ખરીદો

PRESTOcard.ca પર ઑનલાઇન જઈને PRESTO કાર્ડ ખરીદો

અથવા નીચે આપેલ બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ ટર્મિનલ્સ અથવા સવલતો પૈકી એક પર જઈને PRESTO કાર્ડ ખરીદો:

- બ્રૅમ્પટન ગેટવે **(Brampton Gateway)** 501 Main Street South
- ડાઉનટાઉન ટર્મિનલ **(Downtown Terminal)** 8 Nelson Street West
- બ્રામલિ ટર્મિનલ **(Bramalea Terminal)** 160 Central Park Drive
- સૅન્ડલવુડ ફેસિલિટી **(Sandalwood Facility)** 130 Sandalwood Parkway West
- ક્લાર્ક ફેસિલિટી **(Clark Facility)** 185 Clark Boulevard
- ટ્રિનિટી કૉમન **(Trinity Common Terminal)** 164 Great Lakes Boulevard

PRESTOcard.ca પર ઑનલાઇન જઈને PRESTO કાર્ડ ખરીદો

અથવા નીચે આપેલ બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ ટર્મિનલ્સ અથવા સવલતો પૈકી એક પર જઈને PRESTO કાર્ડ ખરીદો:

### 2. તમારું કાર્ડ લોડ કરો

PRESTO સાથે તમને તમારા કાર્ડમાં વિવિધ ઉત્પાદો લોડ કરવાની પરિવર્તનક્ષમતા છે.  બે પ્રકારના PRESTO લોડ હોય છે:

- **નાણા ઉમેરો (કાર્ડ બેલેન્સ):** તમારા PRESTO કાર્ડમાં ઓછામાં ઓછા $10 લોડ કરો. તમે $1,000નું મહત્તમ બેલેન્સ રાખી શકો. જ્યારે તમે સવારી કરો ત્યારે તમારી ટ્રીપનું ભાડું તમારા કાર્ડ પર સંગ્રહ થયેલ બેલેન્સમાંથી બાદ થાય છે.
- માસિક/સાપ્તાહિક પાસ ઉમેરો: માસિક અથવા સાપ્તાહિક પાસથી તમે પાસ સક્રિય હોય ત્યાં સુધી તમે સફરની અમર્યાદિત સંખ્યા ભોગવી શકો છો.

### 3. My PRESTO ખાતું બનાવો

જો તમારે My PRESTO ખાતું બનાવવું હોય તો બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ ટર્મિનલ અથવા ફેસિલિટી પરથી તમારું કાર્ડ ખરીદ્યા બાદ 24 કલાક રાહ જુઓ.

- PRESTOcard.ca પર ઑનલાઇન તમારું My PRESTO ખાતું બનાવો.
- તમારું My PRESTO ખાતું બનાવ્યાના 24 કલાક બાદ તમારે 30 દિવસની અંદર કોઇ પણ PRESTO સક્ષમ ડિવાઇસ પર ટૅપ કરવાનું રહેશે જેથી My PRESTO ખાતા પ્રક્રિયા પૂર્ણ થઈ શકે. 30 દિવસ પછી, તમારું My PRESTO ખાતું સમાપ્ત થશે. જો તમારું My PRESTO ખાતું સમાપ્ત થાય તો તેને પુનઃ સક્રિય કરવા માટે 1-8-PRESTO-123 (1-877-378-6123) પર કૉલ કરો.

* PRESTO-સક્ષમ ડિવાઇસમાં સામેલ છે:

- બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ ટર્મિનલ્સ અથવા સવલતો પર બેલેન્સ ચેકર્સ (Balance Checkers)
- બ્રામલિ ટર્મિનલ (Bramalea Terminal), ડાઉનટાઉન ટર્મિનલ (Downtown Terminal) અને માઉન્ટ પ્લેઝન્ટ (Mount Pleasant) GO સ્ટેશન કાતે ટિકિટ વેંડિંગ મશીનો
- બ્રૅમ્પતન ટ્રાન્ઝિટ બસો પર રહેલ ભાડા ચૂકવણી ડિવાઇસ

તમારા સફરનો ભાગ હોય તો તમારા My PRESTO ખાતાને સક્રિય કરવા માટે ફક્ત ભાડા ચૂકવણી ડિવાઇસનો ઉપયોગ કરો, જેથી તે

તમારા કાર્ડને ઠપકારવાથી ભાડું બાદ કરી લેશે. વૈકલ્પિક રીતે, તમે તમારા My PRESTO ખાતાને સક્રિય કરવા માટે બેલેન્સ ચેકરનો ઉપયોગ કરી શકો જો તમે તે સમયે પ્રવાસ ન કરતા હોવ.

ોંધ: જો તમે પુખ્ત વયના હોવ અને તમારે My PRESTO  ખાતું બનાવવું ન હોય તો તમારું કાર્ડ ખાતા વિનાનું ડિફૉલ્ટ એડલ્ટ કાર્ડ રહેશે (જુઓ My PRESTO ખાતું બનાવવાના લાભ).

### 4. ડિસ્કાઉન્ટ સાથેના ભાડા સેટ કરવા બાબત

ચાઇલ્ડ*, યુવાનો અને વરિષ્ઠો – ભલામણ કરવામાં આવતી હોવા છતાં કે તમે તમારું My PRESTO ખાતું બનાવો, ખાતા વિનાના કાર્ડ ચાઇલ્ડ, યુવાનો કે વરિષ્ઠના ડિસ્કાઉન્ટ સાથેના ભાડા સાથે સેટ થઈ શકે છે. બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ ટર્મિનલ્સ અથવા સવલતો પર ખરીદી થાય તે સમયે રૂબરૂમાં ડિસ્કાઉન્ટ સાથેનું ભાડું સેટ થઈ શકે છે.

*જો કોઇ બાળક PRESTO કાર્ડ બાળકના 13ના જન્મદિને વાપરે તો કાર્ડ પર રહેલ ભાડાનો વર્ગ આપોઆપ ચાઇલ્ડમાંથી એડલ્ટ તરીકે બદલાઇ જશે. 13-19 વચ્ચેની વયના ગ્રાહકો યુથ એટલેકે યુવાન ભાડા વર્ગ માટે લાયક ઠરશે, યુથ પર સેટ કરવા માટે બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ ટર્મિનલ અથવા સવલતની મુલાકાત લો.

# PRESTO

તમારું PRESTO કાર્ડ વધારાના મુસાફરો માટે ચૂકવણી કરવા વાપરો: તમારા PRESTO કાર્ડને ફેર પેમેંટ ડિવાઇસ પર ઠપકારો ત્યાર બાદ ઓપરેતરને જાણ કરો કે તમારે વધારાના મુસાફરો માટે ચૂકવણી કરવી છે. ઓપરેટર વધારાના મુસાફરોને નોંધશે અને તમને તમારું કાર્ડ ઓપરેતરના PRESTO ડિવાઇસ પર ઠપકારવાની વિનંતી કરશે જેથી તે ભાડું કાપી શકે.

નોંધ: વધારાના મુસાફરોએ પુખ્ત સવારીના હિસાબે ભાડું ભોગવવાનું રહેશે.

## My PRESTO ખાતું

My PRESTO ખાતું બનાવી તમે નીચેની બાબતો કરી શકો:

- **તમારું બેલેંસ સુરક્ષિત રાખવા જો તમારું કાર્ડ ખોવાઇ જાય કે ચોરાઇ જાય. તમે તમારું કાર્ડ રદ્દ કરાવી શકો અથવા બેલેંસને રિપ્લેસમેન્ટ કાર્ડમાં તબદીલ કરાવી શકો**

- PRESTO ને ગુમ થયેલ કાર્ડની જાણ કરો અને તેને રદ્દ કરાવો. ગુમ થયાના 24 કલાકની અંદર ખર્ચાયેલ ભંડોળ માટે તમે જવાબદાર રહેશો. તમારે રિપ્લેસમેન્ટ કાર્ડ ખરીદવાનું રહેશે અને કાર્ડમાં ઓછામાં ઓછા $10 લોદ કરવાના રહેશે. તમારા નવા કાર્ડ માટે My PRESTO ખાતું બનાવશો નહીં. કાર્ડને રદ કર્યા પછી અને તમારા નવા કાર્ડને મેળવવાના 24 કલાક પછી, ઑનલાઇન થાવ અથવા 1-8-PRESTO-123 (1-877-378-6123) પર PRESTO કૉલ સેંટરને કૉલ કરો જેથી તમારા જૂના કાર્ડમાંથી ભંડોળ તબદીલ કરી શકાય.

- આપોઆપ તમારું કાર્ડ પુનઃલોડ કરવા માટે ઑટોલોડ અથવા ઑટોરિન્યુ સેટ કરો.

- ઑટોલોડ તમારા PRESTO કાર્ડને આપોઆપ તમારા બેંકના ખાતામાંથી પુનઃલોડ કરશે અથવા ક્રેડિટ કાર્ડમાંથી કરશે જ્યારે તમારું બેલેંસ તમારા દ્વારા પસંદ કરવામાં આવેલ ડૉલરની રકમની નીચે જાય.

- આ ડૉલરની રકમ $5 અને $60 વચ્ચે હોવી જરૂરી છે. લઘુત્તમ રકમ જે તમે ઑટોલોડ કરી શકો તે $20 છે અને મહત્તમ $980 સુધી કરી શકો છો.

**નોંધ: લઘુત્તમ અને મહત્તમ રકમો PRESTO દ્વારા કોઇ પણ સૂચના આપ્યા વિના ફેરફાર થવાને આધિન છે. તમારું અવું બેલેંસ તરત જ કાર્ડ પર દેખાશે.**

- **તમારા વ્યવહારોના ઇતિહાસની સમીક્ષા કરો.**
  - તમારું બેલેંસ ટ્રૅક કરો અને તમારા વપરાશના ઇતિહાસની પહોંચ મેળવો.
- **કટોકટીનો સફર**
  - પૂરતા ભંડોળ વિના ગ્રાહકને જારી કરવાના સમયથી બે કલાકના ટ્રાન્સફર માટે સિંગલ ટૅપનો હક છે.

કાર્ડ નેગેટિવ બેલેંસમાં જતું રહેશે અને આપોઆપ તમે તમારું કાર્ડ આગામી વખતે લોડ કરશો ત્યારે ચૂકવાઇ જશે. પુનઃલોડના સમયે નેગેટિવ બેલેંસ સેટલમેન્ટ $0.25 છે.

**મહત્ત્વની નોંધ:** તમે કાર્ડ રદ કર્યા પછી, તમે રિપ્લેસમેન્ટ PRESTO કાર્ડ ઓનલાઈન ઓર્ડર કરી શકો છો અથવા રૂબરૂમાં નવું કાર્ડ $6 ચૂકવીને ખરીદી શકો છો (લઘુત્તમ $10 કાર્ડના બેલેંસમાં ઉમેરવું જરૂરી છે), અને તમારા કરંટ બેલેંસને નવા કાર્ડમાં તબદીલ કરી શકો છો.

**તે મહત્ત્વનું છે કે તમે તમારા નવા PRESTO કાર્ડ માટે My PRESTO ખાતું બનાવો નહીં; આ આપોઆપ રિપ્લેસમેન્ત પ્રક્રિયા મારફત થઈ જશે.**

## PRESTO

1-8-PRESTO-123 (1-877-378-6123)

**ઑનલાઇન:** prestocard.ca

